# સંશોધન નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

એરૂ ચાર રસ્તા, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

*ડો.એ.એન.સાબલપરા*
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨


---

## – :: <u>પરિપત્ર</u> :: –

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, યુનિટ અધિકારીશ્રીઓ અને સંશોધન કેન્દ્રોના વડા અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રીમાંથી અધિક મુખ્ય સચિવ (બ.આ.)શ્રી કૃષિ અને સહકાર વિભાગની સુચના અન્વયે ચાલુ નાણાંકીય વર્ષ : ૨૦૧૩–૧૪ માં પ્લાન યોજના હેઠળ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણમાં કાર્યરત ચાલુ અને નવી યોજનામાં પગારભથ્થા, રીકરીંગ, નોન રીકરીંગ અને બાંધકામ સદરે મંજુર થયેલ જોગવાઈ સામે ફાળવેલ ગ્રાન્ટ અન્વયે અપેક્ષા કરતાં ઘણો જ ઓછો ખર્ચ થયેલ છે. જે આયોજન પ્રમાણે ખર્ચનો અભાવ દર્શાવે છે. તો હવે પછી ફરી દરેક વિભાગોનાં અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે એકંદરે ફાળવેલ ગ્રાન્ટ સામે દરેક યોજનામાં નકકી થયેલ હેતુઓ પરિપૂર્ણ કરવા વાર્ષિક આયોજન મુજબ સપ્ટેમ્બર–૨૦૧૩ સુધીમાં ૫૦ % ખર્ચ કરવાની અપેક્ષા દર્શાવેલ છે તો આ બાબત ધ્યાનમાં રાખી નિયત કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે. જેથી સરકારશ્રીમાં એકંદરે મંજુર થયેલ જોગવાઈ સામે અપેક્ષા મુજબ ખર્ચ અને પ્રગતિઓ અહેવાલ મોકલાવી શકાય અને ચાલુ નાણાંકીય વર્ષના બાકી સમયગાળા માટે મંજુર થયેલ જોગવાઈમાંથી યુનિવર્સિટીને ફાળવવાપાત્ર રકમ મેળવવામાં મુશ્કેલી ઉભી ન થાય. જે જાણ સારું.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો./ખર્ચ / ૧૦૨૩૯–૬૦/૨૦૧૩
નવસારી તા. : ૬/૯/૨૦૧૩

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**પ્રતિ,**
યુનિટ વડાશ્રી/યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/ સંશોધન કેન્દ્રના વડાશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તેમજ સંશોધન કેન્દ્રોની કચેરીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.